# સાબરકાંઠા જિલ્લાની આરટીઓ કચેરીની લાલીયાવાડી

## વાહન નોંધણી બાદ પણ ડોકયુમેન્ટ માટે ધરમ ધક્કા : નીતિ-નિયમોની ઐસી કી તૈસી લોકો પરેશાન

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાનાં આર.ટી.ઓ કચેરીના તઘલખી નિર્ણયો અને સરકારના નિતિ નિયમોની પણ ઐસી કી તૈસી કરીને વાહન નોંધણી કરાયા પછી પણ વાહન ધારકોને ધરમના ધક્કા પડી રહ્યાં છે અને જેના કારણે જિલ્લાના અસંખ્ય વાહન ધારકો આર.સી.બુક સહિતના કામો માટે આજ નહી કાલ કાલ નહી પછી ના વાયદાઓની વાર આવી ગયા છે.

તો જાણવા મળ્યા મુજબ સરકારે આર.ટી.ઓ કચેરીમાંથી આર.સી.બુક કે અન્ય કાગળો નોંધણીની કાર્યવાહી પુર્ણ થયા બાદ બીજા કે ત્રીજા દિવસે આ તમામ ડોકયુમેન્ટ વાહન નોંધણી કરાવનાર પાર્ટીને મળી જાય એવો નિયમ હોવા છતા મહિનાઓ વિતવા છતાંય લોકોને આર.સી. બુકો નહી મળતાં ભષ્ટાચારમાં ખરડાયેલી આર.ટી.ઓ. ઓફિસ પુનઃ વિવાદમાં આવી છે અને જિલ્લાના અસંખ્ય નાગરિકો પરેશાન થઈ રહ્યા છે. એવું પણ જાણવા મળ્યુ છે કે આરસીબુકોનુ છાપવાનું તૈયાર કરવાનું કામ સરકારે કે ઓફિસે કોઈ પ્રાઈવેટ પાર્ટીને આપવાના કારણે આવી પરિસ્થિતિ સર્જાઈ છે. પણ આ પ્રશ્ન વ્યવસ્થા કરનાર કચેરીની છે આતો 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવો ઘાટ સર્જાયો છે. ત્યારે તંત્ર સત્વરે અને લોકોના કામો નિયત સમયે નિતિનિયમ પ્રમાણે ઝડપથી ઉકેલાય એવો જનમત પ્રવર્તી રહ્યો છે.



## અરવલ્લી જિલ્લામાં સોળે કળાએ ખીલ્યો કેસુડો...

અરવલ્લીની ગિરિમાળાઓ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોના સીમાડાઓ, રસ્તાઓની આસપાસ અને ખેતરોના શેઢા ઉપર આવેલા કેસુડાના ઝાડ પર કેસરિયા ફૂલો આવવાની શરૂઆત થતાની સાથે જ જાણે અરવલ્લીની ગિરિમાળાઓ અને કેટલાક રસ્તાઓએ કેસરિયો રંગ ધારણ કર્યો હોય તેવો અદભુત નજારો જોવા મળી રહ્યો છે. ''કેસુડા ને કોઈ સુગંધ નથી પણ તેની નજાકતતા પોપટના ચાંચ જેવો આકાર અને માંસના લોચા જેવો લાલચટ્ટક રંગ, કામણગારો અને નજાકતતાના પર્યાય સમા કેસુડાના ફૂલનું સૌંદર્યની દ્રષ્ટિએ અને આરોગ્યની દ્રષ્ટિએ તેનું ખુબ મહત્વ છે. હોળી ટાણે ખીલતા વસંતના પુષ્પો આદિવાસીઓ માટે લોકપ્રિય ગણાય છે. હોળી પર્વ લોકો કેસુડાના ફૂલોને ઉકાળી તેનો રંગ બનાવી હોળી-ધુળેટીનો ઉત્સવ મનાવે છે.

# પ્રાંતિજમાં વોર્ડ નં. ૫ના રહિશો દ્વારા ગટર લાઈન મામલે ઉગ્ર રજુઆત

## છેલ્લા એક મહિનાથી રજુઆતો ધ્યાને ના લેવાતા રહીશો પાલિકાએ દોડી આવ્યા : કોન્ટ્રાકટર દ્વારા કામમાં વેઠ ઉતારવામાં આવતાં રજુઆત : ગટર લાઇન માટે છેલ્લા એક મહિનાથી ખોદકામ કરાતા રહિશો પરેશાન

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર વોર્ડ નં-૫ માં ચાલી રહેલ ગટર લાઈનના કામને લઈને રહીશો નગરપાલિકામાં દોડી આવ્યા હતા અને ગટર લાઈનના કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર વેઠ ઉતારાતા ચીફ ઓફિસરને રજુઆત કરી હતી. ચીફ ઓફિસરે પણ રહીશોનો મીજાજ જોતાં તાત્કાલિક સ્થળ ઉપર જવાની ફરજ પડી હતી.



પ્રાંતિજ વોર્ડ નંબર-૫ વ્હોરવાર વિસ્તારમાં છેલ્લાં એક મહિનાથી અંકિતા કન્સલ્ટન્ટ દ્વારા ગટર લાઈનનું કામ ચાલે છે. આ વિસ્તાર રહેણાંક વિસ્તાર હોવાં છતાં કોન્ટ્રાક્ટર દ્વારા મંથરગતીએ કામ ચાલુ છે. બીજી બાજુ કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં માત્ર વેઠ ઉતારવામાં આવતા રહીશો દ્વારા પાલિકામાં રજુઆત કરવા છતા પાલિકા દ્વારા કોઈ પગલા લેવામાં ન આવતાં વોર્ડ નંબર-૫ મા રહેતાં રહિશો આજે પ્રાંતિજ પાલિકામાં દોડી આવ્યાં હતાં અને દોડી આવેલ રહીશોએ ચીફ ઓફિસરની ઓફિસમાં જઈ રજુઆતો કરી હતી.



રહિશોની રજુઆત અને મીજાજ પારખી જતાં ચીફ ઓફિસર વિશાલ પટેલ નગરપાલિકાના એન્જીનીયર કિરણભાઈ સાથે તાત્કાલિક સ્થળ ઉપર દોડી આવ્યા હતા. બીજીબાજુ અંકિતા કન્સલ્ટન્ટ દ્વારા માત્ર કામ કરવા પુરતુ જ અને કામમાં વેઠ વાળી હોવાનું પ્રથમ નજરે જોવા મલ્યુ હતું. ત્યારે બનાવેલ કુંડીઓ માત્ર નાની અને અંદર કોઈ પણ રીતે સીમેન્ટ કે તળીયું મારેલ નથી અને પાઈપો સીધે સીધાં મારી દેવામાં આવ્યા હતાં. ત્યારે આ અંગે ચીફ ઓફિસરને પુછતાં તેવોએ જણાવ્યું કે અમે સ્થળ ઉપર જઈને તપાસ હાથ ધરી છે અને રહીશોની રજુઆત પ્રમાણે તેમણે કુડીઓ બનાવી આપીશું. ત્યારે હાલ તો ગટર લાઈન કામને લઈને છેલ્લાં એક મહિનાથી રહીશો મુશ્કેલીઓમાં મુકાયા છે. મોટી ઉંમરના રહીશોને ઘર બહાર નિકળવું પણ હાલ તો મુશ્કેલ બન્યું છે. ત્યારે હવે તેમની સમસ્યાનો નિકાલ કયારે આવશે એ તો હવે જોવાનું રહ્યું.

# જી.એસ.ટી.થી વેપારીઓ મૂંઝવણમાં એક્ષપોટરની હાલત વધુ કફોડી

આજે જી.એસ.ટી.ને લઈને વેપારી હાલમાં ભારે મૂંઝવણમાં તો છે જ સાથે એક્ષપોટરની હાલત વધુ કફોડી બનવા ગઈ છે. કારણ કે જયારથી જી.એસ.ટી. લાગ્યું છે ત્યારથી આજ દિન સુધી વેપારીઓને રીફંડ મળતા નાણા સરકાર પાસેથી મળ્યા નથી જેને લઈને હાલમાં મહેસાણાના ઊંઝામાં વેપારીઓ મૂંઝવણમાં મુકાયા છે અને નાણા મંત્રી સહિતના આલા અધિકારીઓને આ અંગે રજુઆત પણ કરી છે.

જી.એસ.ટી. આવતાની સાથે જ દરેક વસ્તુ પર સરખો ટેક્ષ લાગ્યો છે અને ટેક્ષના જુદા જુદા સ્લેબની વચ્ચે વેપારીઓ ભારે મૂંઝવણમાં પહેલાથી જ મુકાય છે ત્યારે વેપારીઓને વધુ એક જી.એસ.ટી.નો જટકો સહન કરવાનો વારો આવ્યો છે. જેમાં મહેસાણા એશિયાના સૌથી મોટા બજાર એવા ઊંઝાની હાલત વધુ કફોડી બનવા ગઈ છે. કારણ કે જીરા સહિત મસલા પાકમાં સમગ્ર દેશ સહીત એક્ષપોટમાં રીફંડ મળતા નાણા નહી મળતા હાલમાં તેમના ધંધા પર માઠી અસર જોવા મળી રહી છે. કારણ કે સરકારના નવા નિયમ મુજબ તેઓને ટેક્ષ તો ભરવો જ પડે છે પરતું જીરું, વરીયાળી સહિતના મસાલા પાકોને જયારે ડીલેવરી એક્ષપોર્ટમાં થાય છે ત્યારે જે તે નાણા પાછા તેમણે મળતા હોય છે પરતું જયારથી જી.એસ.ટી. લાગ્યું છે ત્યારથી તેમની ડીમાન્ડ વિદેશમાં માલ મોકલ્યા બાદ લાખો રૂપિયા નહી પરંતુ કરોડો રૂપિયા સરકારમાં જમા પડ્યા છે અને તે ખાતામાં જમા ન થવાથી હાલમાં નવો માલ ખરીદી કરવામાં તેમણે ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જેને લઈને હાલમાં તેમણે નાણા મંત્રી સહિત આલા અધિકારીને આ સમગ્ર મામલે જાણ પણ કરી છે જો આ બાબતે યોગ્ય દિશામાં કામ નહી થાય તો વેપારીઓને દેવાના ડુંગર નીચે આવી જવું પડશે તેમ કહીએ તો નવાઈ નથી પરતું સરકારના આ નવા ટેક્ષ થકી હાલમાં વેપારીઓને જટકો ચોક્કસ લાગ્યો છે.

# અમરજયોત એજ્યુકેશનના ટ્રસ્ટી મહેશભાઈ મુલાણીના હસ્તે આદર્શ કેરીયર એકેડેમીનો શુભારંભ

રાધનપુર, તા. ૯

રાધનપુરમાં આદર્શ કેરીયર એકેડેમીનો શુભારંભ કરાયો. જેમાં મહેશભાઈ મુલાણીના હસ્તે શુભારંભ કરાયો. આ ક્લાસીસમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે રેવન્યુ તલાટી હાઈકોર્ટ, ક્લાર્ક, પોલીસ કોન્સ્ટેબલ, સચિવાલય, બિન સચિવાલય વગેરેની તૈયારી કરાવવામાં આવે છે. આ ક્લાસીસનો મારૂતિ પ્લાઝામાં પ્રથમમાળે, રાધનપુર ખાતે શુભારંભ કરાયો હતો.



## 'ખેલો ઈન્ડિયા'માં રાષ્ટ્રીય કક્ષાએ ૯૦ કિ.ગ્રા.માં સિલ્વર મેડલ

અરવલ્લી જિલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. તેની સાથે સાથે જીલ્લાના ખેલાડીઓ દેશ સહીત રાજ્યભરમાં કાઠું કાઢતા જિલ્લાવાસીઓ ગૌરવ અનુભવી રહ્યા છે. દિલ્હીમાં રાષ્ટ્રીયકક્ષાની પ્રથમ ખેલો ઈન્ડિયા સ્પર્ધા દિલ્હી ખાતે યોજાઈ હતી. જેમાં દેશના જુદા જુદા રાજ્યોની શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. મોડાસા ખાતે આવેલ રેડિયન્સ ઈન્ગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા સલીમ ઉસ્માનગની સુથારે ગુજરાત રાજ્ય ટીમમાં સ્થાન પ્રાપ્ત કરી જુડોની ૯૦ કિલો સ્પર્ધામાં બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવી મોડાસા શહેરનું સમગ્ર દેશમાં નામે રોશન કર્યું હતું. જિલ્લાવાસીઓ તરફથી સલીમ સુથાર અને તેના કોચને અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરમાં નિશાચરોને મોકળુ મેદાન : ત્રણ મકાનમાં ચોરી

હિંમતનગર, તા. ૯

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી નિશાચરોને પોલીસતંત્ર કે પ્રજાનો કોઈ ભય ન હોય તેમ તેઓ ગમે તે મકાનમાં ઘુસી જઈને માલ મત્તાની ચોરી કરીને બિન્દાસ ભાગી જાય છે. ત્યારબાદ પોલીસસ્ટેશનમાં ફરીયાદ પણ નોંધાય છે. તેમ છતાં કોણ જાણે કેમ કોઈ ચોર પકડાતા નથી તે સમજાતુ નથી. દરમ્યાન ગુરૂવારે રાત્રે હિંમતનગરના આંબાવાડી વિસ્તારમાં રહેતા એક નિવૃત્ત ટ્રાફીક પી.આઈ.ના મકાનને તસ્કરોએ નિશાન બનાવી ચોરી કરી હોવાની ઘટના બહાર આવી છે. તથા હાજીપુરા વિસ્તારમાં પણ બુધવારે રાત્રે અજાણ્યા શખ્સોએ રૂ. ૨ લાખથી વધુની મત્તાની ચોરી કરી ગયાની ફરીયાદ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

હિંમતનગરના આંબાવાડી વિસ્તારમાં રહેતા અને પૂર્વ ટ્રાફીક પી.આઈ. તરીકે ફરજ બજાવી ચુકેલા ભરતભાઈ વોરા તેમના દિકરાનું લગ્ન હોવાથી ઘર બંધ કરીને વતન ગયા હતા. જ્યાં ગુરૂવારે રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના મકાનમાં પ્રવેશ કરી ઘર વખરી રફેદફે કરીને કેટલીક મત્તા લઈ ગયા હતા. જોકે ભરતભાઈ વોરા હાજર ન હોવાને કારણે એ-ડીવીઝન પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ કરી હતી. પરંતુ ભરતભાઈ ઘરે આવ્યા બાદ તેઓ તપાસ કરીને કેટલી મત્તાની ચોરી થઈ છે તે અંગે જણાવી શકશે.

તો બીજી તરફ પોલો ગ્રાઉન્ડના હાજીપુરામાં આવેલા અલ્તાફહુસેન મહમદહુસેન રંગરેજના મકાનમાં બુધવારે રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના મળી રૂ. ૧.૫૩ લાખની મત્તાની તોરી કરી હતી. તથા તેમની સામેની સોસાયટીમાં રહેતા અબ્દુલરજાક મીયાએહમદ ઈબજીની કાર નં. જીજે.૧.એચજે. ૮૧૭૩ કે જે રૂ. ૧.૦૫ લાખની લઈને ભાગી ગયા હતા.



## ધાનેરામાં ભાજપ ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘઘાટન કરાયું

ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર પાંચ અને સાત માં ભાજપ ચૂંટણી કાર્યાલય નું ઉદ્ઘઘાટન કરવામાં આવ્યું હતું જેમાં ભાજપ ના અગ્રણીઓ સહીત મોટી સંખ્યા માં લોકો હાજર રહ્યા હતા. ૧૭ ફેબ્રુઆરી એ નગરપાલિકા ચૂંટણી યોજાનારી છે જેને લઈ ધાનેરા માં કડકડતી ઠંડી માં પણ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે અને ઉમેદવરાઓ જીતવા માટે એડી ચોંટી નું જોર લગાવી રહ્યા છે ત્યારે આજે મધુસુદન પ્લાઝા પાછળ વોર્ડ નંબર સાત ના ઉમેદવારો ધ્વરા ચૂંટણી કાર્યાલય નું ઉદ્ઘઘાટન કરવામાં આવ્યું હતું અને લાધાપુરા વિસ્તાર માં વોર્ડ નંબર પાંચ ના ઉમેદવારો ધ્વરા પણ ચૂંટણી કાર્યાલય નું ઉદ્ઘઘાટન કરવામાં આવ્યું હતું બંને ચૂંટણી કાર્યાલય ના ઉદ્ઘઘાટન માં ભાજપ ના અગ્રણીઓ સહીત મોટી સંખ્યા માં લોકો હારાજ રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં જીવાતના ઉપદ્રવથી પરેશાની

## દિવસ દરમિયાન વાહનચાલકોને જીવાતના કારણે ડ્રાઈવીંગ કરવામાં મુશ્કેલી : ઉનાળાના આગમનના એંધાણ : પ્રજા બે ઋતુનો ભોગ બનતા માંદગીમાં સપડાઈ

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં ધીરે ધીરે શિયાળો વિદાય લઈ રહ્યો હોય તેવા અણસાર મળી રહ્યા છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે મોલોમસીનો વ્યાપક ઉપદ્રવ થયો છે. જેના કારણે આમ પ્રજા અને નાના વાહનચાલકો ખુબજ પરેશાન થઈ ગયા છે. તો બીજી તરફ દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થતો હોવાને કારણે અનેક લોકો માંદગીમાં સપડાઈ રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લામાં ધીમે પગલે ઉનાળાનું આગમન થઈ રહ્યુ હોવાનો અહેસાસ થવા માડ્યો છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી તમામ સ્થળે મોલોમસી નામની જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે નાના વાહન ચાલકોને તેમના વાહન ચલાવવામાં ખુબજ તકલીફ પડી રહી છે. જેથી દિવસ દરમ્યાન વાહનચાલકોને ચશ્મા અથવા તો મોઢા પર કપડાનું આવરણ બાંધીને નિકળવું પડે છે. અનેક વખત તો દિવસે આ જીવાત શરીર પર ચોંટી જતી હોવાને કારણે બેધ્યાન થઈ જવાય છે.

બીજી તરફ દિવસે ગરમી અને રાત્રે ઠંડી પડતી હોવાને કારણે માનવ શરીર તેનું સમતોલપણું ગુમાવી દેતુ હોવાથી અનેક લોકો વાયરલ તાવ, શરદી, ખાંસીના ભોગ બની ગયા છે. જેથી તેમને સ્થાનીક ડૉક્ટર પાસે દવા લેવાની ફરજ પડી રહી છે. જેના કારણે જનરલ પ્રેકટીસનરોના ત્યાં દર્દીઓની સંખ્યામાં વધારો થઈ ગયો છે.

જો કે બે ઋતુના કારણે માંદગીમાં સપડાયેલા લોકો સમયસર સારવાર લેતા હોવાને કારણે બે-ત્રણ દિવસમાં તેમની તબીયત સુધારા પર આવી જાય છે. હવે આગામી બે-ત્રણ દિવસ બાદ મહાશિવરાત્રી આવતી હોવાને કારણે તે પછીના દિવસોમાં ધીરે ધીરે સૂર્યના કિરણો જમીન પર સીધા પડવાના ચાલુ થશે ત્યારે પ્રજાને ગરમીનો અહેસાસ થતા ઉનાળો આવી ગયો છે તેવુ લાગશે.

# ભિલોડામાં માર્ગો પર રખડતા ઢોરથી વાહનચાલકો હેરાન-પરેશાન

ભિલોડા,તા.૯

ભિલોડામાં માર્ગો ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.મુખ્ય માર્ગો પશુઓની વળગતા વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ લોકમાંગણી છે.

ભિલોડા તાલુકા મથકે ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો, રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.છેલ્લા કેટલાક સમયથી માર્ગો ઉપર



ગમાણોમાં ફેરવાયા છે.ભિલોડામાં ઈડર-શામળાજી ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી પ્રજાજનો, રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે.ભિલોડામાં વિવિધ વિસ્તારોના માર્ગો ઉપર રખડતી ગાયો, ગધેડાં, કુતરાઓના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાય રહ્યો છે ત્યારે કેટલાક વાહન ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી અકસ્માતો વધ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ગાયને માતા કહેનારા હિંદુઓ ગાયમાતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ ગાય સહિત અનેક પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-જાહેરમાર્ગો ઉપર,શોપીંગ સેન્ટરો આગળ, સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળા અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય વધી રહ્યો છે. રખડતી રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે.વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ, વાહનચાલકોની હાલાકીમાં વધારો થયો છે.

જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ લાગતા-વળગતા વહીવટી તંત્રના જબાવદાર અધિકારીઓ ધ્વારા રખડતા પશુઓને રેઢાં મુકનારા માલિકો સામે સત્વરે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વાહનચાલકો તેમજ રાહદારીઓમાંથી ઉઠવા પામ્યો છે. રખડતી ગાયોને પાંજરાપોળમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી જીવદયા પ્રેમીઓની માંગણી છે. જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલી ગાયો તસ્વીરમાં દ્રષ્ટીગોચર થાય છે.

# દાંતા તાલુકાનાં રતનપુર વિસ્તારમાં રિવોલ્વોરની અણીએ તબીબ મહીલાનું અપહરણ કરનાર બેની ધરપકડ

દાંતા તાલુકાનાં રતનપુર વિસ્તારમાં રિવોલ્વોરની અણીએ એક તબીબ મહીલાનું અપહરણ



કરાતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. રતનપુર હાઈવે પર આવેલાં અસ્લીફા ડેન્ટર ક્લીનીક ચલાવતી મહીલા ડૉક્ટર જે પોતે પોતાનો ક્લીનીક સાંજનાં સમય બંધ કરી પોતાના ઘર તરફ પરત ફરી રહી હતી. ત્યારે કેટલાંક અજાણ્યા સખ્સો એક સિફ્ટ કાર લઈ આવી આ તબીબ મહીલાને બળજબરી પુર્વક કારમાં ઉપાડીને નાખી અપહરણ કરી ફરાર થઈ ગયા હતા. જેની જાણ વાયુ વેગે ફેલાતાં ગામનાં લોકો ગાડીનો પિછો કરેલ અને અપહરણ કરી ગાડી ભાગી હતી તે માર્ગનાં આગળનાં ગામે પણ આ હકીકતની જાણ કરાતાં ગ્રામજનોએ રસ્તો રોકી મહીલાનુ અપહરણ કરી ભાગતી સિફ્ટ કારને રોકી પાડેલ અને અંદર જોતા એક મહીલા બચાવવાની બુમો પાડતાં ડુલાણા ગ્રામજનોએ આ મહીલાને કારમાંથી બહાર નિકાળી હતી. જોકે અપહરણ કરતાં એ પોતાની રિવોલ્વોરમાંથી હવામાં ગોળીબાર કરતાં ગ્રામજનોમાં ડર ફેલાયો હતો ને સમય સુચકતાં લઈ કારમાં બેઠેલાં બે આરોપીઓ ભાગી છુટ્યા હતા. જ્યારે પોલીસે બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતાં મળી હતી. જે પકડાયેલાં આરોપીઓ મુસ્તુફા ડફેર અને મહેબુબખાનની ધરપકડ કરી ફરાર થયેલાં રીયાસખાન મોગલ અને ગુલામ ડફેર નામનાં બન્ને આરોપીઓની પોલીસ શોધખોળ કરી રહી છે.

# ભિલોડા તાલુકા તલાટી કમ મંત્રી મંડળના નવિન હોદેદારોની નિમણુંક

ભિલોડા,તા.૯

ભિલોડા તાલુકા તલાટી કમ મંત્રી મંડળની બેઠક યોજાઈ હતી.નવિન કારોબારીની રચના કરાઈ હતી. ભિલોડા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ પ્રમુખ બી.એલ. નિનામા, ઉપપ્રમુખ એલ.જે. મોડીયા, મંત્રી સી.ડી. પંચાલ, સહમંત્રી જી.એ.ગામેતી, ખજાનચી જી.કે. પટેલ સહિત કારોબારી સભ્યોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી હતી.